 જંગ-એ-ગુજરાત

# શ્રી દત્તાત્રેય ઉપાસના



શ્રી રંગઅવધૂત મહારાજ
(નારેશ્વર)

## શ્રી દત્ત જયંતિનો મહિમાગાન

અત્રિ ઋષિ અને અનસુયાને નિમિત્ત કરીને ભગવાન શ્રી દત્તાત્રેય આ પૃથ્વી પર સકળ વિશ્વનો ઉધ્ધાર કરવા -ગટ્યા. તેમનો પાદૂર્ભાવ એટલે જ નવધા ભક્તિની નવમી ભક્તી ને એ જ આત્મ નિવેદન ભક્તિ.

ભગવાન શ્રી દત્તના ત્રિમુખ એટલે આપણા જેવા માયાવી માનવી જેવા દેખાતા ત્રણ મુખ નહીં બલ્કે બ્રહ્માજીની રચિત માયાના ત્રિગુણાતીત સત્વ, રજ અને તમો ગુણથી પર.

ભગવાન રંગાવધૂતજીએ શ્રી દત્ત નારાયણને ત્રણ દ-દ-દ થી ગાયો છે. શ્રી દત્ત એટલે દયા-દમન- અને દાનની સતત -રણા આપતી ત્રિમૂર્તિ એટલે જ શ્રી દત્ત.

દત્ત ભગવાનની ઉપાસના કરવાથી માનવ જીવનનું મહત્વ શું છે ? -જ્ઞાનામ્ બ્રહમ્-અહમ બ્રહ્માસિ-તત્વમસિ સ્વયં આત્મા બ્રહ્મની એટલે કે ચારવેદો પણ શ્વાન બની છે. ભગવાન દત્ત ના શ્રી ચરણાંવિંદમાં મૌની થઇ આભા બની નેતિ નેતિનું ગાન કરે છે. ભગવાન દત્તના બે હાથ, ચાર હાથ, છ હાથ અને અનંત બાહુનું વર્ણન એ જગતનેમૌનમાં શીખ આપે છે. અકાર, નિરાકાર, ચાર પુરુષાર્થ, ચાર દિશા ચતુર્વિદનું જ્ઞાન ષડ્કર એ ઐશ્વર્યશક્તિનું મહાજ્ઞાન.

ભગવાન દત્તાત્રેયને એટલે જ ગુરુ દત્તાત્રેય કહેવામાં આવે છે કે શ્રી દત્ત મહારાજ પોતાના અસ્તિત્વથી જ સિધ્ધોને જ્ઞાન બક્ષ્યું છે. તેમણે હથિયાર એટલે શસ્ત્ર ધારણ કર્યું છે ખરું પણ ક્યારેય કોઈનોય સંહાર કરવા હથિયારનો શસ્ત્ર નો ઉપયોગ કર્યો નથી જ. માટે જ એ ગુરુ દત્તાત્રેય કહેવામાં આવેછે. તેમના જ્ઞાનથી કેટલાંયે તરી ગયા-અમર થઈ ગયા. રાજા સહસ્ત્રાર્જુન, રાજા કાર્તવીર્ય, અર્લક, આયુ, પરશુરામ, યદુ દ્વારા માનવજીવનને દિવ્ય જીવનનું જ્ઞાન, યોગ અને અજ્ઞાનતાને દૂર કરવાની સિધ્ધ ચાવીઓ તેમના યદુ-અવધૂત સંવાદમાં -કૃતિના ગુણધર્મ દ્વારા ચોવીસ ગુરુઓની મહત્તાઓ તેના દ્વારા લોક શિક્ષણ-ગીતાસાર અને જીવવનું અમૂલ્ય રહસ્ય જ્ઞાન ભગવાન દત્તાત્રેયે જ જગતને પીરસ્યું છે. ભગવાન દત્ત એટલે પોતે જ પોતાનું દાન પોતાના હાથે કર્યું છે. તે 'કરે નિજ દાન જો સાઈ દિગમ્બર હો તો ઐસા હો'

'ત્યાગીના ત્યાગ ટકાવે-ભોગીના ભોગ ત્યજાવે અમર દાન દેનાર દત્ત એક અવધૂત'. જગતને અમરતાનું દાન દેનાર એ જ દત્ત આજે સર્વમાં અણુ અણુમાં પરસ્પરે હાજર છે જ. જીવનમાંથી જો 'ષડ્રિપુ' દૂર થઈ જાય તો હે માનવ તું પોતે જ દત્ત રૂપ છે છે ને છે જ.

ભગવાન દત્તની ઉપાસના અહમ્ ને મારીને માત્ર જગતનું જ કલ્યાણ કરવા પોતાની જાતને પણ સર્વ સ્વાર્પણ કરવી એ જ દત્ત ઉપાસના. - જગદીશાનંદ ૐ



રંગબાળ શ્રી જગદીશાનંદ બાપજી (કપડવંજવાળા)

# સાઈ શ્રધ્ધા

વર્ષ : ૧૨ • ૧ મે ૨૦૦૯ • અંક : ૫

માનદ્ સંપાદક :

• મહેન્દ્ર બ. પટેલ

• બી. એમ. પટેલ

• સરોજ મ. પટેલ

| | | |
|---|---|---|
| • વાર્ષિક લવાજમ | : રૂ. | ૧૦૦/- |
| • પેટ્રન સભ્ય | : રૂ. | ૧૦૦૦/- |
| • ડોલરમાં વાર્ષિક | : | ૨૫ |
| • ડોલરમાં આજીવન | : | ૧૫૦ |
| • પાઉન્ડમાં વાર્ષિક | : | ૨૦ |
| • પાઉન્ડમાં આજીવન | : | ૧૦૦ |

• જાહેરખબર દર •

| | |
|---|---|
| આખું પાનું | રૂ. ૧,૦૦૦/- |
| અડધું પાનું | રૂ. ૫૦૦/- |
| પા પાનું | રૂ. ૨૫૦/- |
| ટાઈટલ પાના ૨-૩ | રૂ. ૧,૫૦૦/- |
| ટાઈટલ પાનું ૪ | રૂ. ૨૦૦૦/- |

(ચેક, ડ્રાફ્ટ આશીર્વાદ પબ્લિકેશન્સના નામે લખવો)

• સંપાદકીય મુખ્ય કાર્યાલય •

**આશીર્વાદ પબ્લિકેશન્સ**

એ-૧-૩૦૧, વિશ્વાસ એપાર્ટમેન્ટ,
સત્તાધાર સાઈ મંદિર પાછળ,
ભૂમિનગર, સંસ્કાર સ્કૂલની સામે,
ઘાટલોડિયા, અમદાવાદ-૬૧
ફોન. નં. : ૨૭૪૮૩૧૬૦

**મુદ્રક : ખોડીયાર ગ્રાફિક્સ**

૪૧, સતાધાર કોમ્પલેક્ષ,
હીરાબાગ-૧નીબાજુમાં,ઘાટલોડીયા,
અમદાવાદ-૬૧
(મો.) ૯૮૨૫૬ ૫૩૨૯૪

તંત્રી, મુદ્રક, માલિક, પ્રકાશક :
મહેન્દ્ર બ. પટેલ
૩, કલા ચેમ્બર્સ, ખાનપુર, અમદાવાદ-૧

મુદ્રક પ્રિન્ટ ઈન્ડીયા ઓફસેટ શાહપુર, અમદાવાદ-૧.


## : સંપાદકીય :

## બારેજા ખાતે દત્ત બાવની અમૃત વર્ષ પર્વ નિમિત્તે દત્તબાવની શબ્દાર્થ... ભાવાર્થ... મીમાંસા... પર પ.પૂ. જગદીશાનંદજીનું ત્રિ-દિવસીય વ્યાખ્યાન

દત્ત બાવની અમૃત વર્ષ પ્રસંગે બારેજા ખાતે દત્ત બાવની શબ્દાર્થ... ભાવાર્થ... મીમાંશા... તા. ૧૩-૧૪-૧૫ એપ્રિલના રોજ ત્રિ-દિવસીય વ્યાખ્યાનમાળાના ઉપક્રમે પ.પૂ. શ્રી જગદીશાનંદજીએ તેમની આગવી શૈલીમાં બોલતા જણાવ્યું હતું કે, દત્ત બાવનીનો પ્રારંભ જય શબ્દથી થાય છે. જય શબ્દ દેવોએ આપેલ જય ઘોષ નાદ છે. એટલે જયશ્રી કૃષ્ણ, જય માતાજી, જય સોમનાથ બોલાય છે. જય શબ્દ પરાજયને દૂર કરે છે.

દત્ત બાવની ગાવી સહેલી છે, સમજવી અઘરી છે. નામ સ્મરણ દ્વારા પરમાત્માની પહેચાન કરી લેવાની છે. આપણે સાત દિવસનો પ્રવાસ કરવાનો હોય તો કેટલી બધી તૈયારી કરીએ છીએ. તો સાત જનમના માટે કેટલી બધી તૈયારી કરવી પડે ?

જય યોગેશ્વર શ્રીકૃષ્ણ છે. યોગીશ્વર જે યોગીઓનો ઈશ્વર છે તે દત્તાત્રેય ભગવાન. દત્ત ભગવાન પાસેના ચાર કૂતરા ચાર વેદ છે. તેના ચરણોમાં ચાર વેદ છે. તે યોગીશ્વર. તે દત્ત દયાળ સ્વરૂપ છે. અત્રી ઋષિએ ૬૦,૦૦૦ વર્ષ વાયુનું ભક્ષણ કરી તપ કર્યું છે તે.

દત્ત દયાળ કેટલો બધો દયાળુ છે. આપણી પાસે ગમે તેટલી ધનસંપત્તિ હોય તો પણ આપણે દીન બની જવું જોઈએ.

ઈશ્વરના નામ માત્રથી સ્મરણ માત્રથી તે આપણી બધી જ જવાબદારી ઉઠાવે છે. વીમાવાળા તો પ્રિમીયમ ભરો તો અમૂક જવાબદારી લે છે પરંતુ દયાળુ ઈશ્વર વગર પ્રિમિયમે માત્ર નામ સ્મરણથી આખી જિંદગીની જવાબદારી ઉઠાવે છે.

દયા-દમન-દાનનો અર્થ સમજાવતા પ.પૂ. શ્રીજગદીશાનંદજીએ જણાવ્યું હતું કે દયા કરો માત્ર ઈશ્વરને યાદ જ કરો. તો તેની દયા આપણી ઉપર થશે જ. દમન-આપણી વાસનાઓનું કરો. દાન કરો, ત્યાગ કરો, દાન આપીને ભૂલી જાવ તેવું દાન કરો.

ભાન ભૂલીને ભક્તિ કરો. વાસના રૂપી વસ્ત્રો ઉતારી ભક્તિ કરો. આંખમાં આંસુ પગમાં છાલા પડે તે અંતરયામીના દર્શન કરી શકે.

• મહેન્દ્ર બ. પટેલ

# સાઈ શ્રધ્ધા

વર્ષ : ૧૨ • ૧ જૂન ૨૦૦૯ • અંક : ૬

માનદ્ સંપાદક :

• મહેન્દ્ર બ. પટેલ

• બી. એમ. પટેલ

• સરોજ મ. પટેલ

| | | |
|---|---|---|
| • વાર્ષિક લવાજમ | : રૂ. | ૧૦૦/- |
| • પેટ્રન સભ્ય | : રૂ. | ૧૦૦૦/ |
| • ડોલરમાં વાર્ષિક | : | ૨૫ |
| • ડોલરમાં આજીવન | : | ૧૫૦ |
| • પાઉન્ડમાં વાર્ષિક | : | ૨૦ |
| • પાઉન્ડમાં આજીવન | : | ૧૦૦ |

• જાહેરખબર દર •

| | | |
|---|---|---|
| આખું પાનું | રૂ. | ૧,૦૦૦/- |
| અડધું પાનું | રૂ. | ૫૦૦/- |
| પા પાનું | રૂ. | ૨૫૦/- |
| ટાઈટલ પાના ૨-૩ | રૂ. | ૧,૫૦૦/- |
| ટાઈટલ પાનું ૪ | રૂ. | ૨૦૦૦/- |

(ચેક, ડ્રાફ્ટ આશીર્વાદ પબ્લિકેશન્સના નામે લખવો)

• સંપાદકીય મુખ્ય કાર્યાલય •

**આશીર્વાદ પબ્લિકેશન્સ**

એ-૧-૩૦૧, વિશ્વાસ એપાર્ટમેન્ટ,
સત્તાધાર સાઈ મંદિર પાછળ,
ભૂમિનગર, સંસ્કાર સ્કૂલની સામે,
ઘાટલોડિયા, અમદાવાદ-૬૧
ફોન. નં. : ૨૭૪૮૩૧૬૦

**મુદ્રક : ખોડીયાર ગ્રાફિક્સ**

૪૧, સતાધાર કોમ્પલેક્ષ,
હીરાબાગ-૧નીબાજુમાં,ઘાટલોડીયા,
અમદાવાદ-૬૧
(મો.) ૯૮૨૫૬ ૫૩૨૯૪

તંત્રી, મુદ્રક, માલિક, પ્રકાશક :
મહેન્દ્ર બ. પટેલ
૩, કલા ચેમ્બર્સ, ખાનપુર, અમદાવાદ-૧

મુદ્રક પ્રિન્ટ ઈન્ડીયા ઓફસેટ શાહપુર, અમદાવાદ-૧.


: સંપાદકીય :

## દત્ત બાવની અમૃત વર્ષ પ્રસંગે ઠેર ઠેર શબ્દાર્થ... ભાવાર્થ... મીમાંસા વ્યાખ્યાનમાળા યોજી ઉજવણી સાર્થક બનાવવી જોઈએ

દત્તબાવની અમૃત વર્ષ પ્રસંગે અમદાવાદ પાસે બારેજા ગામમાં રાત્રીના સમયે શાંત શીતળ વાતાવરણમાં દત્ત બાવની શબ્દાર્થ... ભાવાર્થ... મીમાંશા વિષય પર પ. પૂ. જગદીશાનંદજીએ ત્રિ-દિવસીય વ્યાખ્યાનમાળામાં તેમની આગવી લાક્ષણિક શૈલીમાં દત્ત બાવનીની સરળ સમજૂતી ઉપસ્થિત જ્ઞાનપીપાસુ ભક્તોને આપી હતી. એક દિવસ મને આ સત્સંગમાં ઉપસ્થિત રહેવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું હતું.

પ. પૂ. જગદીશાનંદજીએ ખૂબ સચોટ વાત એ કરી કે દત્ત બાવની ગાવી સહેલી છે, સમજવી અઘરી છે. હજારો ભક્તો દત્ત પરિવાર અવધૂત પરિવારમાં સાઈ પરિવારમાં દત્ત બાવનીનો પાઠ કરે છે. દત્ત બાવની ગાય છે. સમૂહ પાઠ થાય છે પરંતુ દત્ત બાવની સમજપૂર્વક ગાવી અર્થ સમજી ગાવી ખરેખર ખૂબ કઠિન કાર્ય છે.

પ. પૂ. ગુરુ મહારાજ રંગ અવધૂત બાપજીએ ભક્તોને દુઃખ દર્દો દૂર કરવા દત્ત બાવનીનું અમર સર્જન કર્યું. જે ભક્તો માટે સંકટ મોચનનું કાર્ય કરી રહી છે. જે માટે ભક્તો બાપજીના જન્મોજન્મ ઋણી રહેશે. દત્ત બાવનીનું અમૃતપાન કરાવ્યું છે.

મારી દૃષ્ટિએ બાપજી પછી બીજો કોઈ મોટો ઉપકાર ઋણ તો પ. પૂ. જગદીશાનંદજીનું છે. કારણ કે દત્ત બાવનીની સરળ સમજૂતી પ્રત્યેક લીટી પ્રત્યેક શબ્દનો અર્થ સરળ સહજ રીતે સમજાવી ઘણું મોટું અઘરું કાર્ય કરી રહ્યા છે. દત્ત બાવની સમજવા માટે પ. પૂ. જગદીશાનંદજી જેવા સમર્થ પથદર્શક ગુરુની જ જરૂર પડે. પ. પૂ. જગદીશાનંદજી દત્ત બાવની શબ્દાર્થ... ભાવાર્થ... મીમાંસા... ખૂબ સારી રીતે સમજાવી શકે. એટલે દત્ત બાવની અમૃત વર્ષ પ્રસંગે દત્તબાવની શબ્દાર્થ... ભાવાર્થ... મીમાંસાની ઠેર ઠેર વ્યાખ્યાનમાળાઓ યોજાય તો એ વધુ યોગ્ય ગણાય. ભક્તોને અને તેમાંય ખાસ કરી યુવા ભક્તોને દત્ત બાવની શું છે? તેનો ખ્યાલ આવે અને માત્ર યંત્રવત્ ગવાતી દત્તબાવની ભાવમય સમજથી ગવાતી થાય તો દત્ત બાવનીનું અમૃત વર્ષ ઉજવ્યું સાર્થક ગણાય...

શ્રી કૃષ્ણ ભગવાનનું સૂત્ર : ॥ યોગક્ષેમમ્ વહામ્યહમ્ ॥

બારેજાના સત્સંગમાં પ. પૂ. જગદીશાનંદજીએ ભક્તોને પ્રશ્ન પૂછ્યો, "યોગક્ષેમમ્ વહામ્યહમ્" સૂત્રનો ઉપયોગ ક્યાં થયો છે?

# કપડવંજ ખાતે "રંગબાળ" શ્રી જગદીશાનંદજીના નિવાસસ્થાને "શ્રી દત્તયાગ" યોજાયો

શ્રી રંગ પિરવાર દિન-પ્રતિદિન વિશાળ જન સમૂદાયને એક મંચ પર એકત્રિત કરી રહ્યો છે. ગ્રામ્ય વિસ્તારો તેમજ શહેરોમાં પણ દતત્બાવની, દત્ત પ્રવચનોનું આયોજન થઈ રહ્યં છે. જેમાં શ્રી રંગ પરિવારના ભક્તો ઉમટી પડે છે. રંગબાળ ઉપનામ ધારી શ્રી જગદીશાનંદજીના નિવાસ સ્થાને કપડવંજ ખાતે શ્રી દત્ત યાગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભરૂચ, પરીયા, મહેસાણા, બારડોલી, સુરત, ખેડા જેવા વિસ્તારના શ્રી રંગ પરિવારના ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા.



પ.પૂ. શ્રી જગદીશાનંદજીના નિવાસ સ્થાને યોજવાંઆવેલ શ્રી દત્તયાગ માં બ્રાહ્મણોએ સંસ્કૃત શ્લોકો વડે સમગ્ર વાતાવરણને ધાર્મિક બનાવીદીધું હતું. પુ. શ્રી જગદીશાનંદજીના પુત્રોને મહાયઊમાં આહુતિ આપી હતી જયારે પૂ. શ્રી જગદીશાનંદજીએ શ્રી ભાવસભર દત્તબાવની ગાઈ ભક્તજનોને ધાર્મિક મહાસાગર માં ડુબાડી દીધા હતા.

# ભરૂચ જિલ્લાના હાંસોટ ખાતે કૃષિ મહોત્સવ-૦૯ અન્વયે કૃષિલક્ષી માર્ગદર્શન શિબિર યોજાઇ

*કૃષિ મહોત્સવ-૨૦૦૯ અન્વયે એપીએમસી હાંસોટ ખાતે કૃષિલક્ષી માર્ગદર્શન શિબિર તથા કૃષિલક્ષી પ્રદર્શન યોજાયું હતું. જેનું દિપ પ્રગટાવી ઉદ્‌ઘાટન રાજયના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને અન્ન નાગરિક પુરવઠોઅને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી નરોત્તમભાઇ પટેલના વરદ્‌હસ્તે કરવામાં આવ્યું હતું આ પ્રસંગે રાજયના સંસદીય સચિવશ્રી ઈશ્વરભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડૉ.રાજેન્દ્રકુમાર, અંકલેશ્વરના પ્રાંત અધિકારીશ્રી હર્ષદભાઈ પટેલ, તાલુકા પંચાયતના પ્રમુખ,ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેનશ્રી, કૃષિ નિષ્ણાંતો, પ્રગતિશીલ ખેડૂતો ઉપસ્થિત રહયા હતા.*

*મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે ગામડાંનો સર્વાંગી વિકાસ કૃષિ વિના શકય નથી આથી અઢાર હજાર ગામડાઓના કિસાનોને આર્થિક સમૃધ્ધિ બનાવવા તેમજ કૃષિક્ષેત્રમાં આધુનિક ખેત પધ્ધતિનો અને સુધારેલ ઓજારોની કૃષિ વિષયક જાણકારી મેળવી કિસાનાને આવકમાં બમણી કરવાના અભિગમ ધ્વારા રાજય સરકારે કૃષિ મહોત્સવનું આયોજન કર્યુ છે. જેના ધ્વારા કિસાનોના આર્થિક સમૃધ્ધિમાં વધારો થશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ખેડૂત જગતનો તાત છે ત્યારે ખેડૂતના સર્વાંગી વિકાસ માટે રાજય સરકાર કટિબધ્ધ છે. તેમ જણાવી ખેડૂતોના ઘર આંગણે કૃષિ જાણકારી મળી રહે તે માટે ક રાજય સરકારે કૃષિમહોત્સવનું અભિયાન હાથ ધર્યુ છે. જેનો લાભ લઈ આત્મ નિર્ભર બનવા ભાર મૂકી ડ્રીપઈરીગેશન પધ્ધતિ અપનાવી ધાર્યુ ઉત્પાદન મેળવવા શિખ આપી હતી. મંત્રીશ્રી એ કૃષિ મહોત્સવ દરમ્યાન કૃષિ તજજ્ઞો ધ્વારા ખેડૂતોને વૈજ્ઞાનિક ખેત પધ્ધતિ વિશે માહિતગાર કરવામાં આવે છે તેનો મહત્તમ લાભ લેવા ખેડૂતોને અનુરોધ કર્યો હતો.*

*સંસદીય સચિવશ્રી ઈશ્વરભાઈ પટેલે જણાવ્યું હતું કે ખેડૂતોની ચિંતા કરીને રાજય સરકારે છેલ્લા પાંચ વર્ષ થી કૃષિ મહોત્સવનું આયોજન કર્યુ છે. જેનાથી ખેડૂતો આધુનિક ખેતી તરફ વળી કૃષિ ઉત્પાદન વધ્યું છે. જે આજે આપણે જોઈ શકાય છે. તેમણે વધુમાં ઉમેર્યુ હતું કે સમગ્ર દેશમાં ગુજરાત રાજયમાં જ કૃષિ મહોત્સવ ચાલુ કરી અન્ય રાજયો માટે પ્રેરણા રૂપ બન્યું છે. કૃષિ મહોત્સના કારણે કૃષિ ઉત્પાદન વધ્યું છે ઉપરાંત તમામ ખેડૂતોને આધુનિક ખેત*

અનુ. પાના નં. ૩ પર

# મરોલી સ્થિત રણછોડરાય મંદિરનો તૃતિય પાટોત્સવ ભકિતભાવપૂર્વક ઉજવાયો

## શ્રી જગદીશાનંદજીના 'ભજન સંધ્યા વ્યાખ્યાન કાર્યક્રમ'માં ભકતો ભાવવિભોર બન્યા







નવસારી નજીક આવેલ મરોલી ગામે આવેલ રણછોડરાય મંદિરનો તૃતિય પાટોત્સવ ભારે શ્રધ્ધા અને ભક્તિભાવ પૂર્વક 'રંગબાળ' શ્રી જગદીશાનંદજીની હાજરીમાં ઉજવવામાં આવ્યો હતો.મરોલી ગામે બજાર વચ્ચે આરસપહાણના સફેદ પથ્થરોથી બંધાયેલ 'રણછોડજી મંદિર' ખૂબ જ સુંદર અને ધાર્મિક સ્થળ છે. લીલાછમ ખેતરો વચ્ચે સફેદ આરસપહાણના પથ્થરોના મંદિરમાં સુશોભિતન 'રણછોડરાય'ની મૂર્તિને શ્રધ્ધા અને આસ્થાનું પ્રતિક છે.

રણછોડરાય મંદિરના તૃતિય પાટોત્સવ પ્રસંગે યોજવામાં આવેલી 'ભજનસંધ્યા'માં ઉપસ્થિત રહેલા 'રંગબાળ' શ્રી જગદીશાનંદજીએ શ્રોતાઓને શ્રી રણછોડરાયના પ્રસંગોનું પારાયણ કરાવી મંત્રમુગ્ધ કરી લીધા હતા. મંદિરના વડીલો, બાળકો, યુવાનો તેમજ મહિલાઓ ઉમંગભેર ઉમટી પડયા હતા.

શ્રી જગદીશાનંદજી મહારાજે એકદમ નિરાળી શૈલીમાં શ્રોતાઓને ડાકોરના નાથ રણછોડરાયના પ્રસંગોનું રસપાન કરાવ્યું હતું. દ્વારકામાંથી વિજય–બોડાણા સાથે ગાડામાં પ્રવાસ કરનાર ડાકોરના નાથ તેમજ વડોદરાના છાણી વિસ્તારના માસ્તર મનસુખલાલના પ્રસસંગોનું રસપાન કરતાં કેટલાય શ્રોતાઓની આંખમાંથી અશ્રુ નિકળી પડયા હતા.

'પાંશ્ચિમી શૈલી' તરફ દોટ મુકનાર આજના યૌવનધને પ્રેરણા લેવી પડે તેવું સુંદર આયોજન અને અથાગ પરિશ્રમ મરોલીના યુવાનોએ પ્રસંગને સફ.ળ બનાવવા કર્યો હતો. કાર્યક્રમના અંતે રણછોડરાય મંદિરના ટ્રસ્ટી અને માજી વનમંત્રી શ્રી ખુમાનસિંહ વાસીઆએ ઉપસ્થિત શ્રોતાઓનો, મહારાજ જગદીશાનંદજીનો તેમજ ગામ 'મરોલી'ના રણછોડ રાય મંદિરના તૃતીય પાટોત્સવને સફળ બનાવવા પરિશ્રમ કરનારા ગ્રામજનોનો આભાર માન્યો હતો.

## શ્રી દત્તમઢી (મંગલેશ્વર) મુકામે

# પ.પૂ. શ્રી જગદીશાનંદજીની શ્રીરંગલીલામૃત ઉપર કથા સંપન્ન થઈ

ભરૂચ (શુકલતીર્થ) નિવાસી શ્રી સુંજયસિંહ પરમાર અને તેમના પરિવાર તરફથી શ્રી દત્તમઢી, મંગલેશ્વર (કબીરવડની સામે) જી. ભરૂચ મુકામે શ્રી રંગલીલામૃત કથાનું આયોજન થયું હતું, જેમાં વકતા તરીકે વ્યાસપીઠ ઉપર બીરાજમાન હતાં પ.પૂ. બાજપજીના કૃપાપાત્ર અનં કપડવંજ નિવાસી પ.પૂ. શ્રી જગદીશાનંદજી (રંગબાળ) તા.૧૯/૦૪/૦૯ના રોજ બાવન દત્ત બાવનીનાં પાઠ પ.પૂ. શ્રી જગદીશાનંદજીની નિશ્રામાં થયાં હતાં. જેમાં આજુબાજુના ભકતોએ હર્ષપૂર્વક ભાગ લઈ, ભાવિવભોર બન્યા હતાં. કથાનો પ્રારંભ તા.૨૦/૦૪/૦૯ ના રોજ શરૂ થયો હતો. શોભાયાત્રા કથા પ્રારંભે શુકલતીર્થથી બેન્ડવાજા સાથે હાથીની અંબાડી ઉપર ગ્રંથરાજને પધરાવી થઈ હતી. આદિવાસીઓએ આદિવાસી નૃત્ય કરી તેમનો દૈવીભાવ પ્રગટ થયો હતો. શોભાયાત્રા ત્રણ કલાક બાદ કથા સ્થળે પહોંચી હતી. જેમાં આજુબાજુનાં અનેક ગામોના ભક્તજનોએ ભાગ લીધો હતનો.

મા નર્મદા મૈયાના કિનારે, આ એરીઆમાં આવા પ્રકારના પ્રથમ કથા થઈ હતી. પહેલાં દિવસે સંખ્યા ખોછી ખઈ હતી. પરંતુ કથાનું લોકલ ચેનલ ઉપર ટેલીકાસ્ટ થતાં બીજાં જ દિવસથી આજુબાજુના ભકતજનો કથાસ્થળે ઊભરાવા લાગ્યછા હતાં. અને હજારો ભક્તોએ કથાનો લાભ લીધો હતો. કથા દરમ્યાન પુ. બાપજીનાં વિવિધ પ્રસંગોને આપણાં જીવન સાથે જોડી કઈ રીતે ઉત્તમ જીવન જીવી શકાય તે સમજાવ્યું હતું. કેટલાય યુવાનોએ તેમના વ્યસનો છોડી, નિર્વ્યસ થવા શપથ લીધાં હતાં. પુ. બાપજીએ એમના જીવનમાં વેઠેલાં કષ્ટો, પૂ. બાપજીએ દૂર કરેલા કેટલાંયે ભક્તોના દુ:ખોનાં ઉદાહરણ એવી શૈલીમાં પૂ. જગદીશાનંદજીએ વર્ણવ્યા હતાં કે ભક્તોના હૃદય અને આંખ ભીના થયાછં હતાં. અને પૂ. બાપજી આજે પણ કેટલાંયે સંતો જેવાં કે પ.પૂ. શ્રી પ્રેમ અવધૂતજી, પ.પૂ. શ્રી નમર્દાનંદજી, પ.પૂ. શ્રી બાળ અવધૂત, પ.પૂ. શ્રી અવધૂત બાળ, પૂ. જગદીશાનંદજી ધ્વારા આજે પણ લીલા કરી રહ્યાં તેનો અહેસાસ કરાવ્યો હતો. કથા વિરામ તા.૨૬/૦૪/૦૯ના રોજ થયો હતો. અંતિમ દિવસે દ.ગુજ.યુ.નિ. ના માજી વાઈસ ચાન્સેલર શ્રી અશ્વિનભાઈ કાપડીયા અને સિધ્ધ સંત પ.પૂ. શ્રી મનિષાનંદજી ખાસ હાજર રહ્યા હતાં અને ભક્તોને આર્શીવચન આપ્યાં હતાં. સ્વામીનારાયણ સંપ્રદાયના સંતો પણ હાજર રહ્યા હતાં. કથા વિરામ બાદ લગભગ ૩૦૦૦ભક્તોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. તા.૨૭/૦૪/૨૦૦૯ ના રોજશ્રી દત્તયાગનું આયોજન થયું હતું. જેમાં પણ વિશાળ હાજરીમાં ભક્તો પધારી લચભ લીધો હતો.

સમગ્ર કાર્યક્રમ શ્રી સંજયસિંહ પરિવારે ખૂબ જ ભાવથી ઊજવ્યો હતો. આ કથકની ફલશ્રુતિ એ રહી કે શ્રી દત્તમઢીમાં દર ગુરૂવારે રાત્રી ભજન કરવાના શરૂ થયાં છે અને એક મોટો રંગ પરિવાર ઊભો થયો છે.

**છેલ્લા પાનાનું શેષ...**

**ગુરુ થવાનો...**

કરતા તેઓ કહે છે કે હું કોઇને ફોટા રાખો કે ફાડી નાખો તેમ કહેતો નથી. ભાવ અને શ્રદ્ધા જ તેમને પોતાનું આકર્ષણ અને ગુરુનું મહત્વ ગુરુ મહારાજ તરફ લઇ જાય છે. પુ. જગદિશાનંદજી સ્વમુખે કહે છે કે મારા ફોટા રાખો પણ પૂજ્ય ભાવથી નહી મિત્ર ભાવથી. જેની જેવી શ્રદ્ધા છે તેના તે રૂપે શ્રી રંગ દેખાય છે. હનુમાનજી રામના ભક્ત છે તો આજે ઠેર ઠેર હનુમાનજીના ફોટા રાખે છે અને પૂજે છે. પણ રામને તેની ઇર્ષ્યા આવતી નથી. પણ જેની વૃત્તિ રાવણ જેવી છે તેને તેની ઇર્ષ્યા આવે છે. દાસ ભક્તિ શું છે તે અભ્યાસ નહીં કરનારને આ ફોટાનું તૂત નહીં સમજાય, બાકી જગદિશાનંદજી તો ફોટાના વિરોધી છે છે અને છે જ.

તેઓ પોતે કોઇને દાસભાવે ફોટો રાખવાનું તો કહેતા જ નથી પરંતુ અમારા જેવા ભક્તો તેમના થકી જીવનના સાચા રસ્તે ચડ્યા તેમજ સાચા મુલ્યો સમજી શક્યા હોઇ તેઓને અમારી બુદ્ધિથી ગુરુ માની રહેલા છીએ, અમોને વિશ્વાસ છે કે તેમના દ્વારા જ અમને શ્રી રંગજીના દર્શન થઇ શકશે. આ અમારી પોતાની અંગત માન્યતાઓ છે જેને અમે બીજા ઉપર ઠોકી બેસાડવા માંગતા નથી, જેઓને

છેલ્લા પાનાનું શેષ...

**ગુરુ થવાનો...**

કરતા તેઓ કહે છે કે હું કોઇને ફોટા રાખો કે ફાડી નાખો તેમ કહેતો નથી. ભાવ અને શ્રદ્ધા જ તેમને પોતાનું આકર્ષણ અને ગુરુનું મહત્વ ગુરુ મહારાજ તરફ લઇ જાય છે. પુ. જગદિશાનંદજી સ્વમુખે કહે છે કે મારા ફોટા રાખો પણ પૂજ્ય ભાવથી નહી મિત્ર ભાવથી. જેની જેવી શ્રદ્ધા છે તેના તે રૂપે શ્રી રંગ દેખાય છે. હનુમાનજી રામના ભક્ત છે તેથી આજે ઠેર ઠેર હનુમાનજીના ફોટા રાખે છે અને પૂજે છે. પણ રામને તેની ઇર્ષ્યાં આવતી નથી. પણ જેની વૃત્તિ રાવણ જેવી છે તેને તેની ઇર્ષ્યાં આવે છે. દાસ ભક્તિ શું છે તે અભ્યાસ નહીં કરનારને આ ફોટાનું તૂત નહીં સમજાય, બાકી જગદિશાનંદજી તો ફોટાના વિરોધી છે છે અને છે જ.

તેઓ પોતે કોઇને દાસભાવે ફોટો રાખવાનું તો કહેતા જ નથી પરંતુ અમારા જેવા ભક્તો તેમના થકી જીવનના સાચા રસ્તે ચડ્યા તેમજ સાચા મુલ્યો સમજી શક્યા હોઇ તેઓને અમારી બુદ્ધિથી ગુરુ માની રહેલા છીએ, અમોને વિશ્વાસ છે કે તેમના દ્વારા જ અમને શ્રી રંગજીના દર્શન થઇ શકશે. આ અમારી પોતાની અંગત માન્યતાઓ છે જેને અમે બીજા ઉપર ઠોકી બેસાડવા માંગતા નથી, જેઓને